# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


SGCCI

Ref no. PN 2025-26/113 Dt. 28/08/2025

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ચેમ્બર દ્વારા 'ગાયનું ઘી – આરોગ્ય માટે સારું' વિષે સેશન યોજાયું

**સુરતઃ** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા મંગળવાર, તા. ૨૬ ઓગષ્ટ ૨૦૨૫ના રોજ સાંજે ૫:૩૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે 'ગાયનું ઘી – આરોગ્ય માટે સારું' વિષય પર સેશન યોજાયું હતું, જેમાં ગૌ વિશ્વ વિદ્યાપીઠના પ્રોવોસ્ટ શ્રી હિતેશ જાનીએ વિસ્તૃત જાણકારી આપી હતી.

ગૌ વિશ્વ વિદ્યાપીઠના પ્રોવોસ્ટ શ્રી હિતેશ જાનીએ ભારતીય ગાય, આરોગ્ય અને અધ્યાત્મ વિષે વિસ્તૃત માહિતી આપતા જણાવ્યું હતું કે, ગાયનું ઘી માનવ આરોગ્ય માટે સર્વોત્તમ છે. કારણ કે, તે શરીરમાં પાચન શક્તિ વધારે છે, માનસિક શાંતિ આપે છે તેમજ આયુર્વેદ મુજબ અનેક રોગોથી રક્ષણ આપે છે. ભારતીય ગાય માત્ર દૂધ કે ઘી પૂરતી નથી, પરંતુ તે આર્થિક, પર્યાવરણલક્ષી અને આધ્યાત્મિક મૂલ્યોની કેન્દ્રબિંદુ છે. ગાયના ઉત્પાદનો દ્વારા ગ્રામ્ય અર્થતંત્ર મજબૂત બની શકે છે અને માનવ જીવનમાં આરોગ્યપ્રદ જીવનશૈલી સ્થાપિત થઈ શકે છે.

ચેમ્બરની આયુષ કમિટીના ચેરપર્સન ડો. મન્શાલીએ સ્વાગત પ્રવચન કર્યું હતું. કમિટીના કો–ચેરમેન ડો. નિપેશ પટેલે કાર્યક્રમની રૂપરેખા આપી કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. કમિટીના કો–ચેરપર્સન ડો. પારૂલ પટેલે વકતાનો પરિચય આપ્યો હતો. કમિટીના સભ્ય ડો. ઋજુતા છત્રપતિએ સેશનમાં ઉપસ્થિત સર્વેનો આભાર માની સેશનનું સમાપન કર્યું હતું.

આ સેશનમાં ઉપસ્થિત ઉદ્યોગ સાહસિકો, ચેમ્બરના સભ્યોએ વકતાના વિચારોને ખૂબ રસપૂર્વક સાંભળ્યા હતા અને પ્રશ્નોત્તરી સેશનમાં પણ સક્રિય ભાગ લીધો હતો.